# મેઘરજના મોટીમોયડી ગામમાં ઊંટવેદ્ય ડૉક્ટરો દ્વારા લોકોના સ્વાસ્થ સાથે ગંભીર ચેડા

મોડાસા, તા. ૧૦





(તસવીર : જય અમીન, મોડાસા)

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાના રાજસ્થાન બોર્ડરને અડીને આવેલ મોટીમોયડી ગામે છેલ્લા ૧૦ વર્ષથી કંપાઉન્ડમાંથી બની બેઠેલો ઊંટવૈદ્ય અરવિંદ દ્વારા ગેરકાયદેસર તબીબ પ્રેકટીસ કરતો હોવા છતાં તેના વિરૂદ્ધ વિડીયો અને ફોટા સાબીતી રૂપે મેઘરજ બ્લોક હેલ્થ ઓફિસને જાણ કરવા છતાં મીલીભગત કહો કે ફરજ પ્રત્યે બેદરકારી દાખવી ઊંટવૈદ્યને નાસી જવા માટે પુરતો સમય આપી દીધો હતો. જેથી મેઘરજની જનતા દ્વારા બી.એચ.ઓ. સામે રાજ્ય સરકાર આરોગ્ય વિભાગ તાત્કાલિક કાયદાકિય પગલાં ભરે તેવી માંગ ઉઠી છે.

મોટીમોયડીના ગામના લોકોના સ્વાસ્થ જોડે ૧૯૯૭થી ગેરકાયદેસર બોગસ ડીગ્રી નામધારી અરવિંદ નામનો ફક્ત ૧૦ મુ પાસ લાયકાત ધરાવતો હોવા છતાં દાક્તરી પ્રેકટીસ કરતો હતો. જેના દવાખાને રોજના મેઘરજ તાલુકાના આદિવાસી વિસ્તાર તેમજ રાજસ્થાન બોર્ડરના ગામના ૨૦૦થી વધુ દર્દીઓ સારવાર લેતા હતા. જેમાં દરદીઓને એક જ સીરીન્જ દ્વારા ચાર થી પાંચ દરદીઓને ઈન્જેક્શન આપતો હતો તેમજ લીમડાના ઝાડ ઉપર તથા વરંડામાં ખુલ્લા વિભાગમાં ઝાડ નીચે લોકોને બાટલાઓ ચડાવી મનફાવે તેવા ભાવ અને આસ્થા જોડે ચેડા કરતો હતો. ગરીબ પ્રજાને તો ખબર પણ નથી કે એક જ સિરિન્જ બધા દર્દીઓ જોડે વાપરવાથી કેટલીય પ્રકારની ગંભીર બીમારીઓનો ભોગ બનવું પડે છે. એક જ સિરિન્જના ઉપયોગથી એચ.આઈ.વી. તેમજ ઝેરી કમળો થવાનો ભય રહેલો છે અને અત્યાર સુધી કેટલાય લોકો આવી ગંભીર બિમારીનો ભોગ બન્યા હશે તે પણ જાણવું રહ્યું. દવાખાનાની આજુબાજુ બાયોમેડિકલ વેસ્ટ પણ ખુબ જ મોટી સંખ્યામાં મળી આવ્યો હતો. તેમજ હજારો રૂપિયાની હલકી ગુણવત્તા ધરાવતી દવાઓ પણ મળી આવી હતી. મેઘરજ બ્લોક હેલ્થ ઓફિસરને જાણ કરવા છતાં જિલ્લા આરોગ્ય અધિક્ષક મનિષ ફેન્સીના બેદરકારભર્યા માર્ગદર્શન હેઠળ ૩ દિવસ પછી તપાસ કરતા ઘોડો છુટી ગયા પછી તબેલાને તાળા મારવા જેવો ઘાટ સર્જાયો હતો અને આરોપી ઊંટવૈદ્ય દવાઓ સાથે ભાગી નીકળવામાં સફળ રહ્યો હતો.

# મોડાસા પાલિકાના ડસ્ટબીન શોભાના ગાંઠીયા સમાન

મોડાસા, તા. ૧૦

ગુજરાત સરકારની નેમ છે કે દરેક ગામ અને શહેર સુંદર અને નિર્મળ બને તે માટે સરકાર દ્વારા લાખ્ખોના ખર્ચે કચરાપેટીઓ આપવામાં આવી છે.



(તસવીર : સમીર બલોચ, મોડાસા)

જ્યારે મોડાસા નગરપાલિકામાં સરકાર દ્વારા આપવામાં આવેલી કચરાપેટીઓ શોભાના ગાંઠીયા સમાન બની છે.

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં ગુજરાત સરકાર દ્વારા વર્ષ ૨૦૦૯માં નિર્મળ ગુજરાત બને તે માટે મોડાસા નગરપાલિકામાં કચેરાપેટીઓ આપવામાં આવી હતી. જે કચરાપેટીઓ શહેરમાં મૂકી અને નગરને સ્વચ્છ બનાવવા માટેનો હેતુ હતો. પરંતુ મોડાસા શહેરમાં અવળી ગંગા છે. સરકાર દ્વારા આપવામાં આવેલી કચરાપેટીઓને એક ખુલ્લી જગ્યામાં મૂકી દેવામાં આવે છે જે છેલ્લા કેટલાય વર્ષથી કાટ ખાઈ રહી છે અને જાણે કે તેનો કોઈ રણીધણી ના હોય તેમ પડી રહી છે.

આ અંગે સામાજિક કાર્યકર નિલેશ જોષી અને પ્રવીણ પરમાર જણાવે છે કે, મોડાસા નગરપાલિકા એક વિશાળ શહેર છે જેમાં ૧૨ જેટલા વોર્ડ આવેલા છે અને તેમાંય દરેક પ્રકારના લોકો વસવાટ કરે છે જ્યારે લોકો દ્વારા સમયસર વેરા તથા ટેક્ષ ભરવામાં આવે છે થતાં મોડાસા વાસીઓને માટે નગરપાલિકા તરફથી સફાઈના નામે કશું જ નથી અને આ વિશે નગરપાલિકા મોડાસાના વિસ્તાર સાકળાં હોવાનું જણાવી રહી છે અને પોતાની જવાબદારીમાંથી છટકી રહી છે.

નવાઈની વાત તો એ છે કે મોડાસાના છેવાડે આ ડસ્ટબીનો મૂકવામાં આવ્યા છે. લોકોના જણાવ્યા પ્રમાણે કેટલાય ડસ્ટબીનો તો ચોરો ચોરી ગયા છે પણ આનો હિસાબ કોઈની પાસે નથી. લોકોની સુખાકારી માટેની સરકારની યોજનાનો લાભ લોકો સુધી નથી પહોંચતો તેનો આ જીવતો જાગતો દાખલો છે.

# ધાનેરામાં સ્વચ્છતા અભિયાન અંતર્ગત ચિત્ર સ્પર્ધા યોજાઈ

ધાનેરા, તા. ૧૦

ધાનેરાની ડી.બી. પટેલ હાઈસ્કૂલમાં સ્વચ્છતા અભિયાન અંતર્ગત ચિત્ર સ્પર્ધા યોજાઈ હતી. જેમાં બાળકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત આયોજિત ચિત્ર સ્પર્ધાના પ્રારંભે શાળાના વિદ્યાર્થીઓ અને શાળા પરિવાર દ્વારા સમગ્ર શાળા સંકુલની સાફ સફાઈ કરવામાં આવી હતી. જ્યારે એન.એસ.એસ. કન્વીનર બિપીનભાઈ અને જગદીશભાઈ દ્વારા સ્વચ્છતા અંગે માહિતી અને માર્ગદર્શન આપ્યું હતું. બાદમાં ચિત્ર સ્પર્ધામાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર વિદ્યાર્થીઓને પ્રોત્સાહિ કરવામાં આવ્યા હતા.

# 'પર્યાવરણ બચાવો'ના સંદેશા સાથે સાયકલ પ્રવાસે નીકળેલો હેન્ડીકેપ યુવાન

## પર્યાવરણ બચાવો અભિયાન લઈને કાશ્મીરથી કન્યા કુમારીની યાત્રા : સુરતનો ભાવેશ પીપલિયા ૧૫ ઓગસ્ટે નીકળેલ : ૩ વ્હીલવાળી સાયકલ લઈ ૧૭ રાજ્યોમાં કરશે પરિક્રમા : ગુજરાતનું છેલ્લું મોડાસા પતાવી રાજસ્થાનમાં પ્રવેશ

મોડાસા, તા. ૧૦

લોકો દેશ માટે કંઈકને કંઈક કરી છૂટવાની ભાવના રાખતા હોય છે ત્યારે સુરતનો ભાવેશ પીપલીયા નામનો વ્યક્તિ એ.બી.વી.પી. પ્રેરિત ભારત યાત્રા માટે ૧૫ ઓગસ્ટ-૨૦૧૪થી પર્યાવરણ બચાવો અભિયાન લઈ ૧૭ રાજ્યોની પરિક્રમાએ નીકળેલ છે.



સુરતનો એક હેન્ડીકેપ ભાવેશ પીપલીયા પર્યાવરણ બચાવો અભિયાન અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદના બેનર હેઠળ ૧૫ ઓગસ્ટ ૨૦૧૪ના રોજ ઘરેથી થ્રી વ્હીલર સાયકલ લઈને નીકળેલ છે અને આ ભાવેશભાઈનો એક જ ઉદ્દેશ છે કે ભારતભરમાં પર્યાવરણ જાગૃતિ લાવવી અને અપંગ લોકોને રોજગારી મળે તેવો સંદેશ સરકાર સુધી પહોંચે અને જ્યારથી ઘરેથી નીકળ્યા છે ત્યારથી એક વર્ષે ૧૭ રાજ્યોની પરિક્રમા કરી પર્યાવરણ બચાવોનો સંદેશ લોકો સુધી પહોંચાડી અને પરત ફરવાના છે. ત્યારે આજરોજ ગુજરાતનું છેલ્લું સ્થળ મોડાસાની મુલાકાતે એ.બી.વી.પી.ના વિદ્યાર્થીઓ પાસે એન્જિનીયરીંગ કૉલેજમાં આવી પહોંચ્યા હતા અને પર્યાવરણનો સંદેશ આપી આવતીકાલથી રાજસ્થાનમાં આ અભિયાન ચાલુ કરશે.

ભાવેશભાઈનું વધુમાં કહેવું છે કે, પર્યાવરણ બચાવોના અભિયાનની શરૂઆત કરી એ.બી.વી.પી. દ્વારા જે તે સ્થળે રાત્રી રોકાણ કરી અને ગુજરાતનું છેલ્લુ સ્થળ મોડાસા પૂર્ણ કરી શામળાજી થઈને રાજસ્થાનમાં પ્રવેશ કરશે અને તેનો મુખ્ય ઉદ્દેશ લોકોમાં પર્યાવરણની જાગૃતિ આવે તેના માટે છે. પ્લાસ્ટિકની થેલીનો વપરાશ ઓછો કરે, વૃક્ષ છેદન ના કરે, વીજળી બચાવે, પાણી બચાવે તેવા ઉદ્દેશો સાથે ૧૭ રાજ્યો એક વર્ષમાં ફરી પર્યાવરણનો સંદેશ આપી પરત ફરશે. તેમણે વધુમાં જણાવ્યું છે કે, આ ખર્ચો મારા મિત્ર સર્કલ અથવા તો જ્યાં રોકાણ કરે તે લોકો જ કરે છે તેમની ભાવના એવી છે કે સરકાર પાસેથી કંઈ જ જોઈતું નથી.



મોડાસાના બેંક ઓફ બરોડાના કર્મચારીઓની કાળી રીબીન ધારણ કરી કેન્દ્ર સરકારનો વિરોધ કરવામાં આવ્યો હતો. (જય અમીન, મોડાસા)

# કંભોઈ ચાર રસ્તા પાસેથી વિદેશી દારૂ ઝડપાયો

શિહોરી, તા.૧૦

કંભોઈ તાલુકાના કંભોઈ ચાર રસ્તા પર આવેલ એક કેબીન પાસેથી શિહોરી પોલીસે દરોડો પાડી ૧૪ નંગ વિદેશી દારૂની બોટલ સાથે એક શખ્સની ધરપકડ કરી હતી.

કંભોઈ તાલુકાના કંભોઈ ચાર રસ્તા પાસે એક કેબીનમાં વિદેશી દારૂનો જથ્થો હોવાની માહિતીના આધારે શિહોરી પોલીસની ટીમે માહિતી સ્થળે દરોડો પાડયો હતો અને કાનાજી સોલંકીએ પોતાના ભોગવટાવાળી જમીનમાં છુપાવેલ ૧૪ નંગ વિદેશી દારુની બોટલો મળી આવી હતી. આથી શિહોરી પોલીસે આ સંદર્ભે પોલીસ મથકમાં ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# લાખણી તાલુકાનાં કુડા ગામે ખેત મજુરની ઘાતકી હત્યા કરનાર આરોપી જેલ હવાલે

ડીસા, તા.૧૦

ડીસા નજીકનાં લાખણી તાલુકાનાં કુડા ગામે બે મિત્રો ત્રણ દિવસ અગાઉ દારુ પીવાની મિજબાની માણતા હતાં જેમાં દારુ પીધા બાદ ફેલાયેલા અગમ્ય કારણોસર નાં ઉશ્કેરાતમાં એક વ્યકિતએ પોતાનું વહેશી પણું બતાવી તેના સાથી મિત્રની લાકડીઓના ફટકા મારી ઘાતકી હત્યા કરી હતી. હત્યા કરી ફરાર થયેલા આરોપીને ડીસા વિભાગનાં ડીવાયએસપી પી.એચ.આર. દેસાઈ અને ટીમે ઝડપી પાડી જેલ હવાલે કરેલ છે.

આ હત્યાની બહાર આવેલી વિગતો જોઈએ તો બનાસકાંઠાના લાખણી તાલુકાનાં કુડા ગામે ટેમ્પાજી ઉર્ફે પ્રધાનજી મેરુજી ઠાકોર અને તેમનો મિત્ર એવા દેવજી સોમાજી માજીરાણા રાત્રી સમયે દારુની મહેફિલ માણવા ખેતરનાં સેઢે ભેગા થયા હતા છેલ્લા દશ વર્ષથી આ બંને મિત્રો હતા અને ટેમ્પાજી ઠાકોરનાં ખેતરની બાજુમાં આવેલા વજેસિંગ ઝાલાનાં ખેતરમાં દેવજી સોમાજી માજીરાણા ભાગિયા તરીકે કામ કરતા હોઈ બે મિત્રો સાથે સેધા પાડોશી હતા. જેમાં મોડી રાત્રિએ બંને વચ્ચે અગમ્ય કારણોસર તકરાર થતા ઉશ્કેરાયેલા ટેમ્પાજી ઠાકોરે પોતાના મિત્ર એવા દેવજી સોમાજી માજીરાણા પર લાકડીઓ વડે હુમલો કર્યો હતો અને આ હુમલામાં દેવજી સોમાજી માજીરાણાનું ઘટના સ્થળે જ કરુણ મોત થયુંહતું. આ હત્યા કરી હત્યારો ટેમ્પાજી ઠાકોર ભાગી છૂટયો હતો આ હત્યાની જાણ આગથળા પી.એસ.આઈ. ડી.કે. પરમારને થતા તેમને ઘટના સ્થળે પહોંચી મૃતકની લાશનો કબજો સંભાળ્યો હતો. અને તેને પી.એમ. અર્થે લાખણી પી.એચ.સી. ખાતે ખસેડયો હતો.



ખેડબ્રહ્માની નથ્થુરામબાપા જ્યોતિ વિદ્યાલય ખાતે ગુરૂવાર બપોરે ખેડબ્રહ્મા પોલીસ દ્વારા નારી સુરક્ષા સેતુ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં જિલ્લામાં ફરતા સુરક્ષા રથમાં શાળાની ધોરણ-૮ થી ૧૨ ની વિદ્યાર્થીઓને એલ.સી.ડી. સ્ક્રીન મારફતે નારી સુરક્ષા અંગે ઉપયોગી જાણકારી આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં પી.એસ.આઈ. જી.કે. ઈસરાણી, શાળાના આચાર્ય સુરેશભાઈ પટેલ, વાય.એલ. ત્રિવેદી સહિત સ્ટાફના કર્મીઓ ઉપસ્થિત રહ્યા હતા. (તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)



(તસવીર : સમીર બલોચ, મોડાસા)

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં જલારામબાપા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સંગીતમય સુંદરકાંડ પાઠ શ્રી અશ્વિન પાઠક દ્વારા કરવામાં આવ્યો હતો. મોડાસા શહેરમાં આવેલ બંધન પાર્ટી પ્લોટમાં ગુરુજી અશ્વિનકુમાર પાઠકજીના મુખ્ય ૫૩૯૯મો સંગીતમય સુંદરકાંડ પાઠનું આયોજન કરવામાં આવ્યું હતું. જે સર્વ જન હિતાર્થે, સુખાર્થે અને મોડાસા શહેર અને અરવલ્લી જીલ્લાના આર્થિક અને સામાજિક ઉન્નતી માટે પાઠનું આયોજન કરેલું હતું. જેમાં પ્રેરક ઉપસ્થિતિ અરવલ્લી જિલ્લા કલેક્ટર શ્રી બી. જે. ભટ્ટની હતી અને આ સુંદરકાંડમાં પાઠકજીના વચનો સાંભળવા દેવરાજ ગાદીપતિ ધનેશ્વગીરી બાવાજી પણ ઉપસ્થિત રહ્યા હતા. જ્યારે વિશેષમાં આધી-વ્યાધી - ઉપાધિમાંથી મુક્ત થવા આજના કળીયુગમાં હનુમાનદાદાનું શરણું સૌમાં શ્રેષ્ઠ છે. ત્યારે આ સુંદરકાંડનું મહત્ત્વ એ છે કે કલીયુગની પ્રભાવશાળી આરાધના પાઠકજીએ સિદ્ધ કરેલ પાઠ મનની શાંતિ અને સની મહારાજની પનોતી અને રામચંદ્રજીના મૂલ્યની ગાથા છે. જ્યારે સુંદરકાંડનો લાહવો લેવા માટે મોડાસા શહેરમાંથી હજારોની મેદની ઉમટી પડી હતી.

# દલાનીમુવાડી પ્રાથમિક શાળામાં ગણિત-વિજ્ઞાનના શિક્ષકોનો અભાવ

પ્રાંતિજ, તા. ૧૦

પ્રાંતિજ તાલુકાના દલાલીમુવાડી પ્રા. શાળામાં ધોરણ-૫ થી ૮ માં છેલ્લા ઘણા સમયથી ગણિત અને વિજ્ઞાનના શિક્ષકોના અભાવે વિદ્યાર્થીઓનું ભણતર જોખમાઈ રહ્યું છે. અડધુ શૈક્ષણિક વર્ષ પૂર્ણ થયુ છતાં કોઈ શિક્ષક ન મુકતા વાલીઓ રોષે ભરાયા છે. સત્વરે શિક્ષકની ભરતી નહી કરવામાં આવે તો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલનની ચીમકી પણ આપી છે. પ્રાંતિજ પાસે આવેલ દલાની મુવાડીની પ્રાથમિક શાળામાં ધોરણ ૫ થી ૮ સુધીના વર્ગોમાં ગણિત અને વિજ્ઞાનના શિક્ષકોની કોઈ ભરતી જ થતી નથી માટે ગણિત અને વિજ્ઞાન બે મુખ્ય વિષયોમાંથી બાળકો હાલ બાકાત છે. ભરતી નહી કરતા કે શાળામાં અન્ય કોઈ શિક્ષક ન મુકાતા ગ્રામજનો દ્વારા પ્રાંતિજ તાલુકા પંચાયતમાં આવી શિક્ષણ શાખામાં રજૂઆતો કરી હતી જ્યારે શિક્ષણ વિભાગે માત્ર હાલ તો સાત્વના આપીને પરત મોકલી આપ્યા હતા, પરંતુ સત્વરે શિક્ષક નહી મુકાય તો વાલીઓ ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલનની ચીમકી આપી હતી.

# ડીસા નગરપાલિકા વર્ગ-૪ના કર્મચારી બે વર્ષની બોનસ માંગણી સાથે હડતાલ પર

ડીસા, તા. ૧૦

ડીસા નગરપાલિકાના વર્ગ ચારના કર્મચારીઓને મળવાપાત્ર દિવાળી બોનસ છેલ્લા બે વર્ષથી ચુકવાતુ નથી. દિવાળીના પર્વમાં સરકારની આ ઉદાસીનતા કર્મચારીઓ માટે પીડાદાયક બનતા તેના વિરોધમાં ૧૫૦ જેટલા કર્મચારી હડતાલ પર ઉતરી પડ્યા છે અને ન્યાયિક રીતે બોનસની માંગણી કરતા હંગામો સર્જાયો છે.

બનાસકાંઠાના ડીસામાં નગરપાલિકામાં વર્ગ ચારના ૧૫૦ જેટલા કર્મચારી કામ કરે છે આ કર્મચારીગણને રાજ્ય સરકાર દ્વારા જાહેર થતા નિયમોનુસારના બોનસથી હાલ વંચિત રાખ્યા છે ડીસા નગરપાલિકા ચીફ ઓફિસર હેમંત પટેલ સમક્ષ પોતાના ગત વર્ષના અને ચાલુ વર્ષના બોનસ માટે આ કર્મચારી ગણે ન્યાયિક રજૂઆત કરી હતી, જો કે બે વર્ષથી બોનસ માટે વલખા મારતા આ કર્મચારીઓને બોનસ જાહેર થયેલ હોવા છતાં પાલિકા ચીફ ઓફિસરે ચુકવણી ના કરતાં કર્મચારી ગણની હાલત કફોડી બનેલ છે, અને આખરી ઉપાયે ડીસા પાલિકામાં કામ કરતા વર્ગ ચારના સફાઈ કામદારો, પટાવાળા, મજૂરો, ઓપરેટરો, ડ્રાઈવરો સહીતનાં ૧૫૦ જેટલા કર્મચારી હડતાલમાં જોડાયા હતા અને બોનસ નહી તો કામ નહિની માંગણી કરતા પાલિકા કચેરીમાં હંગામો સર્જાયો છે.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર

ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
TATA
ઓથોરાઈઝ્ડ ડીલર
Castrol
EXIDE INDUSTRIES LIMITED
BRIDGESTONE PASSION for EXCELLENCE
JK TYRE

ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦